## શ્રદ્ધાનો સત્કાર

લંડનની પાર્લામેન્ટમાં ફોક્સ મધ્યમ-વર્ગનો પ્રતિનિધિ હતો. એ સામાન્ય વર્ગનો હોવા છતાં સમર્થ વકતા હતો. ભથ્થાના આવેલા રૂપિયા એ પહેલી તારીખે પોતાના લેણદારોને ચૂકવતો. એક વેપારીએ આવી કહ્યું : મિ. ફોક્સ! મારે બેંકમાં ભરવા છે એટલે મારું લેણું આજે જ આપો."

"ભાઈ! તને રૂપિયા એક મહિના પછી આપીશ. આ તો હું સેરિડોનને આપીશ. એણે કાંઈ પણ લખાણ લખાવ્યા વિના મારા વિશ્વાસ પર મને રૂપિયા આપ્યા છે. મારો ક્યાંક અકસ્માત થાય તો એ સજ્જન તો રખડી જ પડે ને?"

ફોક્સની આ જીવનનિષ્ઠાનો પ્રભાવ વેપારી પર પડ્યો. પ્રોમીસરીનોટના ટુકડા કરતાં વેપારીએ કહ્યું : "તો મારે પણ આ લખાણને શું કરવું છે? આપની અનુકૂલતાએ હવે આપ જ આપી જજો."

ફોક્સ આ વિશ્વાસથી અંજાઈ ગયો : "લો, આ રૂપિયા. આ તમે જ લઈ જાઓ. એક તો તમારું દેવું જૂનું છે, બીજું તમારે બેંકમાં ભરવા છે. ત્રીજું. તમે મારામાં શ્રદ્ધા મૂકી લખાણને ફાડી ફેંક્યું છે. સેરિડોનને હું આવતા મહિને આપીશ. ચૈતન્યની શ્રદ્ધાનો સત્કાર સેરિડોન નહિ કરે?"

'ચિત્રભાનુ'



# દિવ્યદીપ

વર્ષ ૪ થું

દુનિયાને પલટાવવાની આપણામાં શક્તિ ભલે ન હોય, પણ આપણી જાતને તો આપણે પલટાવી શકીએ ને? આપણે શું આપણા સ્વામી પણ ન બની શકીએ?

– ઊર્મિ અને ઉદધિ

અંક ૧૦ મો

# વાત્સલ્યનું અમૃત

"મા" એ કેટલો મીઠો અને મધુર શબ્દ છે! માના શુદ્ધ પ્રેમને કવિઓએ કવિતામાં ગૂંથ્યો છે, લેખકોએ વાર્તાઓમાં વર્ણવ્યો છે પણ એની અનુભૂતિ થતાં એ કાવ્ય અને લેખ મટી રસ બની જાય છે.

પ્રેમ પાછળ રહેલાં પવિત્રતા, ત્યાગ અને અર્પણતા ભુલાઈ ગયાં છે. શુદ્ધ પ્રેમ નિઃસ્વાર્થ છે. જ્યાં અર્પણની ભાવના છે ત્યાં પાત્રની ખોટ નથી!

વર્ષો પહેલાંની આ વાત છે. ચાર વર્ષની કુમળી વયે પૂ. ગુરુદેવે માનો પ્રેમ ગુમાવ્યો, વિકરાળ કાળે એમને "મા"થી વિખૂટા પાડ્યા. કાળની સામે માનવી નિઃસહાય છે છતાં પુરુષાર્થ બળવાન છે. એમના પિતાએ માનું સ્થાન લીધું. એમની સામે બીજીવાર લગ્ન કરવા માગણી મૂકાઈ ત્યારે એમણે કહ્યું: "હું હવે 'મા' છું. 'મા' બીજીવાર ન પરણે. એ તો પોતાના બાળકોને પ્રેમ અને વાત્સલ્ય આપે."

પૂ. ગુરુદેવે પિતાશ્રીની સાથે નાની વયે ૨૦ વર્ષની ભરયુવાનીમાં ત્યાગ અને તપનો માર્ગ અપનાવ્યો.

એક દિવસની વાત છે. પૂ. શ્રીની નાની વય છે, દીક્ષા લીધાને હજી થોડા જ મહિનાઓ થયા છે, મૂછનો દોરો પણ હજી ફૂટ્યો નથી, સશક્ત પણ કોમળ શરીર છે, મુલાયમ શરીર ઉપર કઠિનાઈની રેખાઓ હજુ અંકાઈ નથી. ઉનાળામાં વિહાર કરતાં કરતાં એક ગામડામાં પૂ. ગુરુદેવ પધાર્યા.

પોતાના ગુરુની આજ્ઞાને અનુસરીને પૂ. ગુરુદેવ વહોરવા નીકળ્યા. મધ્યાહ્નનો સમય હતો, નાનું ગામડું હતું, સર્વત્ર ધોમ તાપ છવાઈ ગયો હતો.

પૂ. ગુરુદેવ એક નાના-શા ઝૂપડાના સ્વચ્છ આંગણામાં ધર્મલાભ કહીને ઊભા રહ્યા. ઝૂપડામાંથી જેના શરીર પર કરચલીઓ સિવાય બીજું કાંઇ દેખાતું નહોતું એવાં વાર્ધક્યનાં પ્રતીક સમાં ડોશીમા બહાર આવ્યાં. કરચલીઓથી વીંટળાયેલી આંખોમાં પ્રેમ છુપાઇને બેઠો હતો. પૂ. ગુરુદેવને જોઈને એને નવાઈ લાગી. મનમાં થયું કે આવો સુંદર નવયુવાન દીકરો સાધુના વેશમાં? 'મા'થી ન રહેવાયું, મનમાં અનેક પ્રશ્નો ઉદ્દભવ્યા હશે, આખલું મોઢું ખૂલી ગયું.

"તું સાધુ? તારી માએ તને સાધુ કેમ થવા દીધો? આટલી નાની વયે તારે સાધુ થવાની શી જરૂર હતી? ઘરડા ભલેને સાધુ થાય પણ તું સાધુ કેમ થયો? સુખ છોડીને કષ્ટ વેઠવા તું કેમ નીકળી પડ્યો? તારી માએ તને રોકયો કેમ નહિ?" 'મા'નું હૃદય આવા સુકુમાર સાધુને જોઈ દ્રવી ગયું.

શુદ્ધ પ્રેમને માની આંખ છે. માનો નિઃસ્વાર્થ પ્રેમ જોઇ પૂ. ગુરુદેવના ઓષ્ઠ ઉપર પળ માટે એક નાનું શું સ્મિત આવીને અદશ્ય થઈ ગયું. પૂ. ગુરુદેવે પ્રેમપૂર્વક કહ્યું: "મારી મા તો મને ચાર વર્ષનો મૂકી ઉપર સીધાવી ગઇ."

આ શબ્દો ડોશીમાને કાને પડયા અને એનાં વાત્સલ્યનાં દ્વાર ખુલી ગયાં, માનો પ્રેમ બહાર આવવા તલસી રહ્યો.

પૂ. ગુરુદેવની નિર્મળ પણ પ્રેમથી ભરેલી આંખોમાં 'મા'ને પોતાના દીકરાનું દર્શન થયું. જેણે નિઃસ્વાર્થ પ્રેમનો વિનિમય થયો.

Love begets love. ડોશીમાનું હૃદય આનંદ અને વાત્સલ્યના અમીથી છલકાઈ ગયું. એ અંદર ગયાં. શીકા ઉપરથી તાજું ઘી કાઢ્યું, ચૂલા પાસેથી જાડો રોટલો લાવ્યાં, રોટલા ઉપર ઘી ચોપડતાં ચોપડતાં મા બોલ્યાં "બેટા! તારી મા નથી પણ હું ય તારી મા જ છું ને? તને જોઉં છું અને મારો પ્રેમ સમાતો નથી. આ ઘી મેં સાચવીને રાખ્યું છે. આ ઘી તો હું મારા દીકરાને ય નથી આપતી પણ તને આપવા માટે મારું આ હૃદય ખેંચાય છે!"

આનાથી વધારે શું આપવાનું હોય? પ્રેમની કિંમત વસ્તુ નહિ, વિચાર છે. પૂ. ગુરુદેવે ડોશીમાની આંખમાં નિઃસ્વાર્થ અને વિશુદ્ધ પ્રેમ જોયો, આત્માનાં ઔદાર્યનું દર્શન થયું, એ ના ન પાડી શક્યા.

સંસાર શુષ્ક નથી પણ માનવીના અંતરમાં છુપાયેલા નિર્મળ પ્રેમને પામવા નિર્મળ દૃષ્ટિની આવશ્યકતા છે.

પ્રેમને માત્ર સગાંસંબંધીઓના નાના કોચલામાં સમાવવા જતાં એને સૂકાઈ જતાં વાર નથી લાગતી. એમાં આઘાતો અને પ્રત્યાઘાતો છે. પણ સાચો પ્રેમ અમર્યાદિત છે. જે મર્યાદિત છે તે સ્વાર્થપૂર્ણ છે, એ પ્રેમ નથી પણ મમતા છે, મોહ છે.

— કુ. વત્સલા અમીન

# આપણું સંસ્કાર ધન

(નોંધ : મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવના પ્રસંગે યોજાયેલ પ્રવચનમાળામાં તારીખ ૨૩–૧–૬૮ ના મંગળવારે બિરલા ક્રીડા કેન્દ્રમાં પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજશ્રીએ આપેલ મનનીય પ્રવચનની નોંધ)

આજનો સ્વાધ્યાય "આપણું સંસ્કાર ધન" છે, જે ધનવડે ભારત સમૃદ્ધ હતું, સમૃદ્ધ છે અને સમૃદ્ધ થશે. જો કે ઓટ આવી છે છતાં એની ગૌરવગાથાઓ એવી જ ગવાઈ રહી છે. જે સંસ્કૃતિના નામ ઉપર, જે આધ્યાત્મિક પ્રકાશ ઉપર પશ્ચિમના લોકો આજે પણ વારી જાય છે અને દર વર્ષે ત્યાંથી પ્રવાસીઓ આવતા જ જાય છે એ સંસ્કારધન શું છે તે વિચારીએ.

ધન કોનું નામ ? જે માણસને સમૃદ્ધ બનાવે, સુખી બનાવે, જીવનને જીવવા જેવું બનાવે અને મૃત્યુને મંગળમય બનાવે. જે ધન માણસને ચિંતા લાવે, જે ધન માણસને કંગાલ બનાવે, જે ધનવડે કરીને માણસ મનથી અને તનથી અહંકારી અને અજ્ઞાની બને એ ધન નથી, એને પૈસો કહી શકો.

પૈસો અને ધન એ બે વચ્ચે મોટું અંતર છે. પૈસો જુગારીની પાસે પણ હોઈ શકે, નટ અને પાસે પણ હોઈ શકે પણ ધન તો સંસ્કાર સંપન્ન નરનારી પાસે જ હોય.

એટલા જ માટે પૈસો મેળવ્યા પછી પણ ધન મેળવવાનું બાકી રહી જાય છે. જ્યાં સુધી આ ધન ન આવે ત્યાં સુધી એ પૈસાદાર કહેવાય પણ શ્રીપતિ ન કહેવાય, ધનપતિ ન કહેવાય, લક્ષ્મીપતિ ન કહેવાય. લક્ષ્મી, ધન, શ્રી એ બધાં ય જીવનની શોભાના ઉપનામ છે.

આવા ધનથી ભારત સમૃદ્ધ હતું, પૈસાથી નહિ. પૈસાથી તો અમેરિકા આપણા કરતાં ઘણું સમૃદ્ધ છે. પણ ભારતવર્ષની સમૃદ્ધિ જુદી છે.

જે ધનવડે કરીને માણસ સુખી હોય, પ્રસન્ન હોય, હૃદયનો ઉદાત્ત હોય, જ્ઞાનનો ઉપાસક હોય, જીવનને ધન્ય બનાવતો હોય અને મૃત્યુને મંગળમય બનાવતો હોય એ ધન આપણા દેશનું ધન, જેને હું આપણો વારસો કહું છું, આપણી મૂડી કહું છું.

પૈસો ચાલ્યો જાય તો પણ આ મૂડી ન જાય. માણસ પૈસાથી નાદાર થઈ જાય તો ચાલે પણ આ આધ્યાત્મિક સંસ્કૃતિથી કંગાલ થઈ જાય તે નહિ ચાલે. સંસ્કૃતિથી નિર્ધન અને કંગાલ ન બની જાય એ માટે મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવના શુભ પ્રસંગે આ સ્વાધ્યાયમાં એનું સ્મરણ તાજું કરવા માગું છું.

"મહાવીર જૈન વિદ્યાલય" આખર તો એક વિદ્યા પ્રદાન કરનારી સંસ્થા છે. એ લૉજીંગ અને બોર્ડિંગ નથી કે ખવડાવ્યું, રાખ્યા અને રવાના કર્યા.

આ સંસ્થા સાથે મહાવીરનું પવિત્ર નામ જોડાયું છે. અઢી હજાર વર્ષ પહેલાની ભવ્યતાનું સ્મરણ આ એક નાનકડું નામ કરાવે છે.

**પ્રિય વાચક,**

ભગવાન મહાવીરનો જન્મોત્સવ ચૈત્ર સુદ તેરશના ગુરુવારે તા. ૧૧–૪–૬૮ના પવિત્ર મંગળ દિને સાંજે ૬.૦૦ વાગે ચોપાટીના સાગરતટે ઊજવવા દેશભરમાંથી આગેવાનો, નેતાઓ અને અગ્રગણ્ય નાગરિકો હાજર થવાના છે. એ ધન્ય પ્રસંગે તું કોઈ સંસારના પ્રલોભનમાં તણાઇને એ આત્માનંદથી વંચિત ન થઈ જાય તે માટે આજથી જ એ મહાદિવસની નોંધ સ્મૃતિમાં કરી રાખજે.

અઢી હજાર વર્ષ પહેલાંનો એ જમાનો હતો; જેમાં બુદ્ધ અને મહાવીર વિચરતા હતા, જેમાં અહિંસા અને પ્રેમનો પ્રસાર હતો, જેમાં અધ્યાત્મના પ્રકાશ માટે રાજાઓ રાજ્ય છોડીને, મંત્રીઓ મંત્રીપદ છોડીને, શ્રેષ્ઠીઓ હવેલીઓ છોડીને સંતોના ચરણોમાં જઈ બેસતા. એમને લાગતું હતું કે આ જ અમારું સાચું ધન છે. વિચાર કરવાનો છે કે એ ધન શું હતું કે જે ધનને મેળવવા માટે પૈસાદારો પણ માનતા હતા કે આ ધન મળે તો જ અમે સાચા ધનપતિ.

મને એક પ્રસંગ યાદ આવે છે, અઢી હજાર વર્ષ પહેલાનો આ પ્રસંગ છે. ભગવાન બુદ્ધ રાજનગરીમાં આવ્યા છે; એમને વંદન કરવા, એમના જ્ઞાનનું સુધાપાન કરવા, કેટલાયે નરનારીઓ ઉત્સાહભેર જઈ રહ્યા છે. એ વખતે ગામનો નગરશેઠ પણ જઇ રહ્યો છે. એણે વિચાર કર્યો : "હું ભગવાનબુદ્ધના દર્શને જાઉં છું. એમના ચરણે હું શું ધરીશ? એમની પાસેથી લઇને આવીશ, પણ હું આપીશ શું ? આપ્યા વિના કાંઇ મેળવી શકાતું નથી, ખાલી કર્યા વિના કાંઈ ભરી શકાતું નથી." અંદર જો ભરેલું હોય તો નવું તમે કેમ ભરી શકો? અંદર ભરેલું હોય એને કાઢી નાખો તો જ તમે નવું ઉમેરી શકો છો.

શિશિરઋતુ હોવાથી બધાં કમળો બળી ગયાં છે, સૂકાઇ ગયાં છે; માત્ર એક જ કમળ રહી ગયું છે. આ કમળને સુદાસ માળી વેચવા નીકળ્યો છે. નગરશેઠ લેવાની વાત કરે છે "કેટલા પૈસા?" સુદાસ એક સોનામહોર માગે છે. એટલામાં તો રાજપુત્ર આવે છે. એ કહે "હું તને પાંચ આપું." બન્ને વચ્ચે હરીફાઈ ચાલે છે. સોનામહોરની હરીફાઈમાં બન્ને ઘણા આગળ વધી જાય છે.

સુદાસ આશ્ચર્યથી પૂછે છે "આપ આ કમળનું શું કરવા માગો છો?" બન્ને કહે છે: "ભગવાન બુદ્ધના ચરણોમાં આ કમળ અમારે ધરવું છે." સુદાસને વિચાર આવ્યો 'જેના ચરણોમાં કમળ ધરવા માટે આ નગરશેઠ અને રાજપુત્ર હરીફાઈ કરે છે એ ચરણો કેટલા પાવન હોવા જોઇએ! તો આ કમળને વેચું એના કરતાં હું જ જઇને એ ચરણોમાં આને સમર્પિત શાને ન કરું?' અને એ દોડી આવ્યો, આવીને બુદ્ધના ચરણોમાં કમળ ધરી ઢળી પડ્યો.

ભગવાન બુદ્ધે કહ્યું : "વત્સ ! તારે શું જોઇએ છે?" સુદાસે નમ્ર ભાવે કહ્યું : "માત્ર તમારી કૃપા નજરનું એક કિરણ મળે અને મારા અંતરનું તિમિર ટળી જાય !"

જે વસ્તુ રાખીએ અને ચોરોને ઉજાગરો કરવો પડે; જે વસ્તુને માટે ભાઇઓને લડવું પડે; પિતા–પુત્રને મન દુઃખ થાય એ ધન નથી. ભગવાન બુદ્ધે શું કહ્યું? "આજની સભામાં સાચો સંસ્કારી અને ધનપતિ હોય તો આ સુદાસ છે."

આ વાર્તા ભગવાન બુદ્ધની જાતકકથામાં આવે છે. કવિવર રવિન્દ્રનાથ ટાગોરે એને સરસ વિચારોની કલગી આપી છે. અંદરના અંધકારને દૂર કરવામાં મદદગાર થાય એનું નામ તે ધન છે, બાકી બધું ય પૈસો છે.

આપણે જે ધરતીમાં જીવીએ છીએ, એ ધરતીના અણુઅણુમાં આ ભાવના ભરેલી હતી પણ દેશ કાળને લીધે કેટલીક વસ્તુઓ બદલાઈ જાય છે, બદલાઈ જવા છતાં ધરતીમાં જે વસ્તુ પડેલી છે એ ધરતીને સાવ મૂકીને જતી નથી રહેતી.

આપણું આ સંસ્કાર ધન શું હતું ?

આપણી આ સંસ્કારગાથાને કવિ કાલીદાસે રઘુવંશમાં નોંધી છે.

शैशवेऽभ्यस्त विद्यानां, यौवने विषयैषिणाम्।
वार्धक्ये मुनिवृत्तीनां, योगेनान्ते तनुत्यजाम्॥

માનવ જીવનના ચાર તબક્કાઓની ચાર વાતો આમાં મૂકી છે. પહેલું શૈશવ, બીજું યૌવન ત્રીજું પ્રૌઢત્વ અને ચોથું મૃત્યુ. જીવનના આ ચાર પ્રસંગોને આપણે કઈ કઈ વસ્તુથી ધન્ય અને ચિરંજીવ બનાવી શકીએ એના આ ઉપાયો આપણને બતાવ્યા છે.

"शैशवे अभ्यस्त विद्यानाम्"

શૈશવ શેનાથી અલંકૃત અને ચિરંજીવ બને? તો કહે, શૈશવ વિદ્યાથી ભર્યું હોવું જોઈએ.

જેમ કોઈ પાત્ર અમૃતથી ભરેલું હોય તો પાત્રમાંથી આપણે એનું પાન કરી શકીએ પણ પાત્ર ખાલી હોય તો? ખાલી પાત્ર ગમે એટલું સુંદર હોય પણ એનાથી આપણી તૃષા છીપતી નથી. પાત્ર પ્લેટિનમનું હોય તો પણ શું? પ્યાસ તો એમાં રહેલી વસ્તુ જ મિટાવે છે.

એમ શૈશવ એ પાત્ર છે. એમાં વિદ્યા એ અમૃત છે. વિદ્યાનું અમૃત એમાં ભરેલું હોય તો જ એ જીવનની પ્યાસને મિટાવે છે.

શૈશવ એ વિદ્યાને માટે જ હોવું જોઈએ. મુરબ્બીઓએ ધ્યાન રાખવું જોઈએ કે એમના વિદ્યાભ્યાસના સુવર્ણકાળમાં અમારા તરફથી જાણતાં કે અજાણતાં કોઈ પિત્તળ ન મળી જાય કે એમનું સુવર્ણ જીવનના ખરા સમયમાં ખોટું પડી જાય! આ વાત આપણા રાજદ્વારી માણસો, નેતાઓ અને માતા-પિતાઓ ધ્યાનમાં રાખે તો બાળકના જીવનમાં સદા વિદ્યાનો જ પ્રકાશ રહે અને એનું શૈશવ સુંદર અને સંસ્કૃત બની જાય.

પણ આજે વિદ્યાનો અને વિદ્યાર્થીઓનો ઉપયોગ ઘણાખરા પોતાના સ્વાર્થ માટે કરી રહ્યા છે. રાજદ્વારી માણસો એમની પાસે પથરાં ફેંકાવીને, કોલેજો અને યુનિવર્સિટીઓ સળગાવીને, શિક્ષકોની સામે બોલતાં કરીને, ચોપડાઓ અને પુસ્તકાલયને બાળતા કરીને એમના શૈશવને બગાડી રહ્યા છે. જે બીજાનું શૈશવ બગાડે એનો બુઢાપો શા માટે ન બગડે? એનાં મૂળ કોણ છે? સત્તાના ઉચ્ચ આસન ઉપર બેઠેલાં, જેમનું તમે હારતોરા લઈને સ્વાગત કરો અને ગયા પછી નિંદા શરૂ કરો!

વિદ્યાર્થીઓ કે જેમનું મન નિર્મળ છે એમના જીવનમાં તમે બગીચો સર્જવાને બદલે વેરાન કેમ કરો છો? Blotting Paper (શાહીચૂસનું) કામ, સામે જે હોય તે ચૂસી લેવાનું છે, પછી એ કાળી શાહી હોય કે વાદળી હોય. એવું જ કામ વિદ્યાર્થીઓના માનસનું છે, એમનું માનસ શાહીચૂસ જેવું Susceptive છે, જે આપો તે ગ્રહણ કરે. આવા બાળ માનસને જે બીજા માર્ગે વાપરે છે એ એક રીતે કહું તો ભારતીય સંસ્કૃતિનું Murder ખૂન કરે છે, એ મોટામાં મોટો ગુન્હો કરે છે.

સુંદર શૈશવને વધારે સુંદર બનાવવામાં આપણે સાથ આપવા પ્રયત્ન કરવાનો છે. આપણા વિચારોથી, આપણી વાણીથી અને આપણા વર્તનથી એમના માનસ પર કોઈ અસંસ્કૃત છાપ ન પડી જાય તે માટે સદા સાવધાન રહેવું પડશે.

વિદ્યાની ઉપાસના કરતો કરતો વિદ્યાર્થી જીવનનું એક દર્શન મેળવે છે. વિદ્યાર્થી ભણીને આવ્યો એની પ્રતીતિ શું છે? જીવનદર્શન શું છે? તેના માપદંડનાં આ બે પાસાં છે.

એક તો જીવનની શાશ્વત અને અશાશ્વત વસ્તુઓનો મૂલ્યોનો વિવેક. બીજું પોતાનામાં જેવો આત્મા છે એવા જ આત્માનું દર્શન વિશ્વના પ્રાણીમાત્રમાં કરી પોતાની પરત્વે જે જાતનું આચરણ જાહેરમાં અને એકાંતમાં સર્વ આત્મા પ્રત્યે આચરવાની અભિરુચિ-વિદ્યાનું આ દર્શન છે.

જેની પાસે વિદ્યા આવે એની પાસે આ બે વસ્તુની અપેક્ષા રાખીએ. શાશ્વત અને અશાશ્વત એ બેને વિવેક કરીને જુદા પાડે. એ જુએ કે

એક દેહ છે, બીજો આત્મા છે; એક મૂકી જવાનું છે, બીજું લઈ જવાનું છે. એ બેનો વિવેક થતાં શાશ્વતને ભોગે અશાશ્વને ન સાચવે. જરૂર પડે તો એ અશાશ્વતને ભોગે શાશ્વતને ટકાવી રાખે. આવી પ્રજ્ઞા જેનામાં જાગે છે, વિવેક જાગે છે એની પાસે વિદ્યા છે. આ બેનું વિશ્લેષણ કરતાં આવડી જાય પછી એને કહેવું પડતું નથી કે તું આત્મા માટે સ્વાધ્યાય કર, પરલોક માટે પ્રયત્ન કર. કારણકે એ જાણતો હોય છે કે આ મારો આત્મા શાશ્વત છે, એના ભોગે હું દુનિયાની કોઈપણ અશાશ્વત વસ્તુનો સંચય નહિ કરું; શાશ્વતના તત્ત્વને હું હાનિ નહિ પહોંચાડું.

આજે વિદ્યાવાન ઘણા છે પણ આવી જાગૃત વિચારણાવાળા કેટલા? વિદ્યાથી આ દૃષ્ટિ ન આવે તો માનવું કે માત્ર પુસ્તકિયું જ્ઞાન છે, બીજી રીતે કહું તો માત્ર શબ્દોનો સંગ્રહ છે. એ પુસ્તકાલય બની શકે પણ પ્રાજ્ઞ પુરુષ નથી બની શકતો.

તેવી જ રીતે માણસ માત્ર પુસ્તકો જ રટી જાય, ભણી જાય, યાદ રાખી જાય પણ જરૂર પડે ત્યારે આચરી ન શકે તો એને એક સુંદર પુસ્તકાલય કહી શકાય; પ્રાજ્ઞ પુરુષ નહિ.

એક વિદ્વાને સરસ વ્યાખ્યા બાંધી કે Man of words and not of deeds is like a garden full of weeds. માત્ર શબ્દોનો સંગ્રહ કરે અને એ સંગ્રહને આચારમાં મૂકવા માટેની અભિરુચિ ન હોય એને એક બગીચા સાથે સરખાવ્યો છે; જેમાં પુષ્પો અને ફળો કાંઇ નથી. માત્ર કાંટા અને ઝાંખરાં જ ઊભાં છે.

ભણતરથી માત્ર સ્મરણશકિત વધે, શબ્દ-શકિત વધે, વાક્ચાતુર્ય વધે અને આચરણ ન વધે તો આપણા જીવનમાં ત્યાગનું દર્શન કેમ થાય? વસ્તુને છોડવા માટેની અભિરુચિ કેમ જાગે? શાશ્વત અને અશાશ્વતનો વિવેક કરવો એ જ તો વિદ્યાનું પ્રથમ પાસું છે.

બીજું દર્શન એ કે મારામાં જે છે એ જ તત્ત્વ વિશ્વના બધા જ આત્માઓમાં નિવાસ કરી રહ્યું છે; તો એકાંત અને જાહેરમાં હું મારા પ્રત્યે જેવું આચરણ કરું છું એવું જ આચરણ હું જગતના જીવો પ્રત્યે કરું. આ દૃષ્ટિથી એના વિચારમાં, એના ઉચ્ચારમાં અને એના આચારમાં એક જાતની ઉચ્ચતા આવે છે. આ ઉચ્ચતા લોકોને રાજી કરવા બહારથી લાવેલી નથી પણ અંદરથી એ ઊગેલી છે. વિશ્વમાત્રના પ્રાણીમાત્રમાં ચૈતન્યના નિવાસનું એણે દર્શન કર્યું છે.

આવી દૃષ્ટિવાળા માણસો આપણને દરેક દેશમાં મળી આવે છે. અબ્રાહમ લિંકન એકવાર વ્હાઈટ હાઉસ જતાં કીચડમાં ડુક્કરને તરફડતું જુએ છે. પોતે કીચડમાં જઈ એને કીચડમાંથી કાઢી એ પછી જ વ્હાઈટ હાઉસ જાય છે. ત્યાં કોઈએ ડ્રાઇવરને પૂછ્યું કે લિંકનના કપડાંને કીચડના ડાઘા કેમ? ડ્રાઈવરે કહ્યું કે ડુકકરને કીચડમાંથી બહાર કાઢતાં ડાઘા લાગ્યા છે. આ સાંભળી એક મિત્રે આવી લિંકનને ધન્યવાદ આપ્યા. ત્યારે લિંકને કહ્યું: "રહેવા દો. મેં આ કામ ધન્યવાદ માટે કે બીજાને માટે નથી કર્યું, પણ ડુકકરને કાદવમાં તરફડતું જોઇને મારા મનમાં એક વ્યથા જાગી અને એ વ્યથાનો કાંટો કાઢવા ડુકકરને કાઢ્યા વિના છૂટકો નહોતો." આટલું કહીને લિંકન ચાલતા થયા.

બીજાને દુઃખી જોઈને પોતે દુઃખી થવું, આ એક સમભાવ અવસ્થા; પ્રાણી મૈત્રીની ભાવના વિશ્વમાં રહેલા ચૈતન્યમાં પોતાના જેવા જ એક ચૈતન્યનું દર્શન. પોતાના દુઃખને દૂર કરવા માટે જેવો પ્રયત્ન કરીએ એવો જ પ્રયત્ન જગતના જીવો પ્રત્યે આપણે કરતા રહીએ, કરવા માટેની આપણી સતત અભિલાષા હોય ત્યારે જાણવું કે આપણામાં વિદ્યાનો પ્રકાશ આવતો જાય છે. એ

વિદ્યા વડે કરીને આપણે ધનવાન બનતા જઈએ છીએ.

રાજસ્થાનના ગામડાનો આ પ્રસંગ છે. બે ભાઈઓ છે, મોટાભાઈનો વસ્તાર વધારે છે, નાના ભાઈનો વસ્તાર થોડો છે. બન્નેના ખેતરો છે, વચ્ચે એક વાડ છે. કાપણી પછી પૂંડાનો ઢગલો થયો છે. રાત્રે મોટોભાઈ વિચારે છે કે આ મારો ભાઈ નાનો છે, મેં સંસારમાં માણવાનું બધું માણી લીધું છે, મારી જરૂરિયાત પણ ઓછી છે, નાના ભાઈને વધારે જીવવાનું છે, જરૂરિયાત પણ વધારે છે. આ વિચારે પોતાના ખેતરમાંથી પૂળા લઈને નાના ભાઈના ખેતરમાં નાખી આવે છે. એ જ રાત્રિના બીજા પ્રહરમાં નાના ભાઈને વિચાર આવે છે કે મોટાભાઈનો વસ્તાર વધારે છે, એ કેવી રીતે ચલાવતા હશે? હું તો જુવાન અને સશક્ત છું, રળી શકું એમ છું. એટલે એ પોતાના ખેતરના પૂળાઓને મોટાભાઈના ખેતરમાં નાખી આવે છે. આવી રીતે બે ત્રણ દિવસ ચાલ્યું. ચોથી રાત્રિએ બન્ને ભાઈઓ ભેગા થઈ ગયા. એકે પૂછ્યું 'તું ક્યાં જાય છે?' બીજાએ પૂછ્યું 'તું ક્યાં જાય છે?' બન્નેના હાથમાં પૂળા. પેલો આને ત્યાં નાખવા જાય અને આ પેલાને ત્યાં નાખવા જાય!

આ વિદ્યા છે, આ કેળવણી છે. નાનો મોટાનો વિચાર કરે, મોટો નાનાનો વિચાર કરે. આ એકબીજાને સમજવાની શક્તિ છે. આવી વિદ્યાથી સમાજનું દર્શન પ્રાપ્ત થાય છે. આવી વિદ્યા વિના કહો, સમાજ ઊંચો કેમ આવે? સમાજ સુખી અને સમૃદ્ધ પણ કેમ થાય?

સમાજના દર્શન વિના એકલી આત્માની અને પરલોકની જ વાત કરીશું અને વ્યવહારમાં પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવની વિચારણા નહિ આવે તો મને લાગે છે કે આપણે હવામાં ઊડ્યા કરીશું, જમીન ઉપર પગ પણ નહિ મૂકી શકીએ. જે માણસ જમીન ઉપર પગ મૂકી શકતો નથી એ કદાચ હવામાં ઊડી શકતો હશે પરંતુ સ્થિર નહિ હોય. હવામાં ઊડવાની પણ એક મર્યાદા છે. આખરે માણસને ધરતી ઉપર ચાલવાનું છે. અધ્યાત્મની, ધર્મની જાગૃતિ એ જો વ્યવહાર શુદ્ધિથી શરૂ ન થાય, બીજા જીવોમાં રહેલા આત્માનું દર્શન કરીને એના પ્રત્યે સમભાવાત્મક બુદ્ધિથી જાગૃત ન થાય તો જે ધ્યેય તરફ પહોંચવાનું છે ત્યાં એ કદી પહોંચી નહિ શકે. માત્ર આપણા શબ્દોમાં મોક્ષ, વિચારોમાં નિર્વાણ અને કલ્પનામાં મુક્તિ રહી જશે; એની પ્રાપ્તિ તો આવા સમાજદર્શનથી જ થશે.

શાશ્વત અને અશાશ્વતનાં મૂલ્યોનો વિવેક અને સર્વ ભૂતોમાં પોતાના જેવા જ ચૈતન્યનું દર્શન. આ સમાનુભૂતિ થાય, સમસંવેદન થાય એ જ સાચી વિદ્યા.

આવો વિદ્યાવાન પુરુષ મનમાં વિચારે છે ત્યારે એ વિચારોની અંદર પણ એક મૃદુ અને નિર્મળ તત્ત્વ હોય, એના આચારમાં કોમળતા ને સંવેદના હોય, એના આચરણમાં સૌનાં સુખ અને શાંતિનો પરિમલ હોય. એનું દર્શન આત્મસ્પર્શી હોવાથી સમાજને માટે એ એક આશીર્વાદરૂપ બની જાય છે.

"यौवने विषयैषिणाम्" જેના શૈશવનું પાત્ર વિદ્યાના અમૃતથી છલકાઈ રહ્યું છે એ શૈશવમાંથી નીકળીને તમે યૌવનમાં આવો છો. તમારી પાસે શક્તિઓ છે, બુદ્ધિ છે, થનગનાટ છે અને કાંઈક કરી જવાની મનમાં સ્વપ્નસૃષ્ટિ છે. યૌવનમાં જો સ્વપ્ન અને સર્જનાત્મક શક્તિના વિચારો ન હોય તો એ શક્તિ એને જ ખલાસ કરી નાખે છે.

મારે આ સંસારના બગીચામાં એકાદો રોપો રોપીને જવું છે; બને તો સંસારનો બગીચો સમૃદ્ધ બને એવું સુંદર કાર્ય કરું પણ એકે

રોપાને ઉખેડીને સંસારના બગીચાને દરિદ્ર બનાવવામાં નિમિત્ત તો ન જ બનું.

એક રાજમાર્ગની બાજુમાં એક ૮૧ વર્ષનો વૃદ્ધ ખાડો ખોદીને નાનકડો છોડ રોપી રહ્યો છે એટલામાં બે યુવાનીયાઓ ઠેકડી કરતાં પૂછવા લાગ્યા: "દાદા, શું કરો છો?" "આંબાનું ઝાડ વાવું છું." "હેં! આ ઉમ્મરે આંબાનું ઝાડ વાવો છો? ૮૧ વર્ષે ઝાડ વાવો છો? આ આંબો ઊગશે ક્યારે? એને કેરીઓ આવશે ક્યારે? અને દાદા તમે ખાશો ક્યારે? ઘડપણમાં તૃષ્ણા અને મોહ જાગ્યા છે!"

વૃદ્ધે નમ્રતાથી કહ્યું: "તારી વાત સાચી છે ભાઇ, તૃષ્ણા તો હોય. હું એમ કહેતો નથી કે મારામાં તૃષ્ણા ન હોય. ન હોવાનો દાવો કરવો એ વસ્તુ હોવાને સિદ્ધ કરવા બરાબર છે. પણ આ જે આંબો હું વાવું છું એ મારે માટે નહિ. આ રસ્તાની બન્ને બાજુ જે ઝાડ ઉગેલાં છે એની છાયાનો, એના ફળનો મેં ઘણા વર્ષો સુધી લાભ ઉઠાવ્યો છે. તો હવે હું જાઉં છું તે પહેલાં આવતી કાલની પેઢીને કાંઈક તો આપતાં જવું જોઇએ ને? એટલે હું વાવતો જાઉં છું. ગઈકાલ પાસેથી લીધું છે તો આવતીકાલને આપણે કાંઇક આપવાનું છે, અને આપ્યા વિના ચાલ્યા જઇએ તો આપણે કુદરતના ચોર કહેવાઈએ! હું ચોર ન બની જાઉં એટલા માટે આ મારો પ્રયત્ન છે." પેલા બે યુવાનો આ સાંભળી નમી પડ્યા, "દાદા, તમને સમજવામાં અમારી ભૂલ થઈ છે."

માણસ માણસને સમજવામાં ભૂલે છે ત્યાં જ જીવનયાત્રાની નિષ્ફળતા છે. માણસ સામાને સમજી શકતો હોય તો એની યાત્રા કેવી સફળ થઈ જાય?

યૌવન શોભે છે પુરુષાર્થથી. ઘણી વાતો કરનારને હું મહત્ત્વ નથી આપતો, એને માત્ર વાતોનો રાજા ગણું છું. તમારા હાથથી કાંઇક દયાનું, કરુણાનું, સેવાનું કાંઇક તો કામ થવું જોઇએ.

ગયા વર્ષની વાત છે. બિહારમાં દુષ્કાળ પડ્યો ત્યારે મેં ૪–૫ લાખ ભેગા કર્યા. ત્યાં કહેવાતા એવા એક આધ્યાત્મિક ભાઈ આવ્યા. કહે: "મહારાજજી! આત્મકલ્યાણ મૂકીને આ શું ઉપાડયું છે? આત્માની વાત કરો. બિહારના લોકો તો જન્મે છે અને મરે છે, એ તો સ્વભાવ છે. કોણ જન્મ્યું તે નથી મર્યું? એમાં તમે પાંચ લાખ માણસોને અનાજ પહોંચાડયું તો શું અને ન પહોંચાડયું તો શું? આ મૂકીને એક આત્મજ્ઞાનની શિબિર યોજો ને!" આપણામાં જાગૃતિ જો ન હોય તો ઘડીભર એના વિચારના આચ્છાદનની નીચે આપણી પ્રજ્ઞાનો દીપક ઢંકાઈ જાય. પણ મેં કહ્યું: "આત્માની વાત કરનાર માણસ આત્માઓને દુઃખી જોઇને દ્રવે નહિ, એનો હાથ લંબાય નહિ તો એને આત્માનો અનુભવ થયો છે એમ માનવું એ પણ અજ્ઞાન છે."

જે જે મહાપુરુષોએ આત્મ--અનુભૂતિ કરી છે તેમના જીવનમાંથી સેવાના પ્રત્યક્ષ દૃષ્ટાંત જડ્યાં છે. પંઢરપુરના દેવના અભિષેક માટે નામદેવ ગંગાજળ કાવડમાં લઈ જઈ રહ્યા હતા. પણ રસ્તામાં ગધેડાને તૃષાથી તરફડતું જોયું તો એમણે એને એ પહેલાં પાયું. કોઈએ પૂછ્યું "અરે, ગંગાજળ આ ગધેડાને પાયું?" ઉત્તર મળ્યો "ગધેડામાં આત્મા છે ભાઇ!"

આ આત્મદર્શન છે. આ આત્મદર્શનથી તમારામાં સર્જનાત્મક, હકારાત્મક, સેવાની એક સહજ ભાવના જાગી જાય છે. યુવાનીમાં પુરુષાર્થ આ રીતે આકાર લે છે અને આપણી શકિતઓને એ સમૃદ્ધ બનાવે છે.

वार्धक्ये मुनिवृत्तानां શૈશવ અને યુવાનીમાં જે તૈયાર થઇને આવેલા છે એ હવે વાર્ધકયમાં

પ્રવેશ કરે છે. વાર્ધક્ય એટલે ઘડપણ જ નહિ. જ્યારથી ધોળાવાળનો પ્રારંભ થાય, જ્યારથી તમને એમ લાગે કે તમારા અંગોપાંગમાં કાંઇક ફેર જણાય છે, દાંત હાલવા માંડે, આંખમાં મોતિયો આવે કે શરીર ઉપર કરચલીઓ દેખાય તો વિચાર કરવો કે જીવનનું આ ત્રીજું પ્રસ્થાન છે. હવે હું ત્યાં જાઉં છું, શૈશવ અને યૌવનમાં જે ભેગું કરેલું છે એનો ઉપયોગ હવે વાર્ધક્યમાં કરવાનો છે. શૈશવમાં વિદ્યા પ્રાપ્ત કરી, યુવાનીમાં પુરુષાર્થની કાર્યશકિત દ્વારા સ્વપ્રસૃષ્ટિ સિદ્ધ કરી, હવે વાર્ધક્યમાં મુનિવ્રતપણું આવે છે.

મુનિ એટલે કોણ? જે મૌનમાં આત્માના સંગીતનો અનુભવ કરે. સંસારના વિષમવાદમાં વિદ્યા અને પુરુષાર્થની બે શકિતઓને લીધે પોતે સમાધાનાત્મક ચિત્તની એક અવસ્થામાં રહી શકે એનું નામ તે મુનિ છે. અંદર જે ઝીણું ઝીણું ગુંજન ચાલે છે એ ગુંજનનો અનુભવ મૌન પાળ્યા વિના, ઊંડા ઉતર્યા વિના થતો નથી.

એક અનુભવી બાપે પોતાના આળસુ દીકરાઓને કહેલું કે હું જાઉં છું પણ મેં ખેતરના ઊંડા ભાગમાં એક ચરૂ દાટેલો છે એ કાઢી લેજો. અને બાપ મરી ગયો. પેલા દીકરાઓ તો મંડી પડ્યા ખોદવા. આળસુ હતા પણ ચરૂ જોઈતો હતા એટલે ખોદીખોદીને આખું ખેતર ઉથલાવી નાખ્યું. ક્યાંયે ચરૂ ન મળ્યો. એટલામાં વર્ષા થઇ, ખેતરમાં ઘાસ સાથે બીજી વસ્તુઓ ઊગી અને ખેતર મોલથી લચી ગયું.

ત્યારે પેલા વૃદ્ધના મિત્રે આવીને કહ્યું: "તમારા બાપે કહ્યું હતું કે ખેતરના ઊંડા ભાગમાં દાટેલું છે એટલે જેમ જેમ ખોદો તેમ ખેતર પોચું થાય. એમાં જે ઊગે એ જ તમારો ચરૂ અને એ જ તમારી સમૃદ્ધિ છે.

વૃદ્ધ પિતાએ દીકરાને જે કહ્યું હતું એ જ વાત હું તમને કહું છું. તમે અંદર જાઓ, ઊંડા ઊતરો. જેમ જેમ તમે તમારામાં ઊંડા ઊતરતા જાઓ તેમ તેમ તમને નવી જ અનુભૂતિ થાય. આગળ વધતાં એક એવી અનુભૂતિની અવસ્થાને પામો છો જે ભૂમિકામાં અનુભવાય કે જે તત્ત્વ મહાવીરમાં હતું, બુદ્ધમાં હતું, શ્રીરામમાં હતું અને આદિનાથમાં હતું એ જ પરમતત્ત્વ મારામાં છે. આ પરમતત્ત્વની સમૃદ્ધિનો અનુભવ થયા પછી હું કંગાલ છું એમ લાગે જ નહિ. એમ લાગે કે હું મહાવીર છું, હું બુદ્ધ છું, હું રામ છું, હું આદિનાથ છું.

પણ એમ કહેવા પહેલાં અને એમ કરતાં પહેલાં અનુભવ થવો જોઈએ. અને અનુભવ થયા પછી કહેવાનું રહેતું નથી, અનુભવવાનું જ રહે છે.

ઘણા લોકો કહેતા ફરતા હોય છે "હું આ છું." જ્યાં કહીએ ત્યાં અનુભવવાની વાત ચાલી જાય છે. અનુભવ મૌન છે. ત્યાં બોલવાનું બંધ થઈ જાય છે.

ભ્રમર મધુરસનું પાન કરે છે ત્યારે ગુંજન બંધ જ થઈ જાય છે; ગુંજન ચાલતું હોય ત્યારે એનું મધુપાન બંધ હોય છે.

એવી જ રીતે અનુભવ થાય છે ત્યારે બીજી બધી વાતો બંધ થઇ જાય છે. ત્યાં માત્ર અનુભવની જ વાત હોય છે.

આ અનુભવરસનું જેણે પાન કર્યું તેની ખુમારી કદી ઊતરતી નથી, એને સંસારની માનસિક બિમારી સ્પર્શતી નથી; એ સદા અનુભવમાં મસ્ત અને મગ્ન રહે છે.

આ અનુભવ કરતા પહેલાં પહેલી બે ભૂમિકામાંથી પસાર થવું પડે છે. વિદ્યાર્થી

પહેલામાં, પછી બીજામાં, પછી ત્રીજામાં એમ standardમાં આગળ વધતો જાય છે. એમ ન કરનાર માણસ ઉપરની કક્ષામાં, યુનિવર્સિટીમાં, વિદ્યાપીઠમાં પહોંચી શકતો નથી. એકદમ યુનિવર્સિટીમાં જાય તો એ peon સિપાઈ તરીકે જાય અથવા કલાર્ક તરીકે જાય પણ એ પ્રોફેસર તરીકે નથી જઈ શકતો.

એટલે તમારે પણ જીવનની આ ત્રીજી ભૂમિકામાં જતાં પહેલા શૈશવની અને યૌવનની ભૂમિકાઓને ધીમે ધીમે સરસ બનાવવી જોઇએ.

માણસ સુધરતો સુધરતો જ ઉપર જાય છે. જો કે એમાં પણ exceptions અપવાદ હોય છે. બેમાં સાવધાન ન રહ્યા હોય એમ છતાં ત્રીજી અવસ્થામાં સુધરી ગયા હોય, પણ એ અપવાદો general rule ન બની શકે.

આ ત્રીજી અવસ્થા એટલે અંદરના સંગીતને અનુભવવાનો સમય. આવા માણસો જ સંસારમાં અને સંસ્થાઓ માટે આશીર્વાદરૂપ અને વિદ્યાર્થીઓના ભોમિયારૂપ બને છે.

હું તો એમ ઇચ્છું છું કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં થોડાક આવા ઠરેલા, અનુભવી, ચારિત્ર્યવાન અને વિચારોથી સમૃદ્ધ પુરુષો વિદ્યાર્થીઓના વાલી બને. વાલી વિના વિદ્યાર્થીઓને કદાચ બોર્ડિંગ અને લોજિંગ મળે પણ પ્રેમ, વાત્સલ્ય અને સ્નેહ ક્યાંથી મળે? વિદ્યાર્થીઓને જઇને પ્રેમથી પૂછે કે તમારે શું દુઃખ છે? તમારી શી વાત છે? તો વિદ્યાર્થીઓ વાત્સલ્યથી વંચિત ન રહે, અને જે વાત્સલ્યથી વંચિત નહિ રહે એ સંસારને પણ જીવનભર વાત્સલ્ય આપ્યા કરશે.

પણ જેમને વાત્સલ્ય નથી મળ્યું એ અંદરથી એવા દગ્ધ અને શુષ્ક બની જાય છે કે જીવનના વિવિધ ક્ષેત્રોમાં એ ભયંકર વિકૃતિઓ લાવે છે. બોર્ડીંગ અને લોજિંગમાં ભણતા છોકરાઓ માટે એક psychological problem છે. જેમને માબાપનું વાત્સલ્ય ન મળે, બહેનનો પ્રેમ ન મળે, ભાઈનો સ્નેહ ન મળે, એમનાં હૃદય આઠ દસ વર્ષમાં ધીરે ધીરે શુષ્ક બની જાય છે. પછી જ્યારે એ જીવનક્ષેત્રમાં આવે છે ત્યારે પોતાની શુષ્કતાને પરિતૃપ્ત કરવા જીવનમાં જે મળ્યું તે અપનાવીને આગળ દોડે છે. એ વખતે વિવેક અદૃશ્ય બની જાય છે.

એટલે જેમણે મુનિવ્રત કેળવ્યું હોય, મન અને તનમાં મૌનનું સંગીત હોય તે બહુ ઉપયોગી નીવડે.

" योगान्ते च तनुत्यजाम् " ચોથી વાત બહુ મંગળમય છે. જેનું શૈશવ વિદ્યાથી ભરેલું છે, જેનું યૌવન સ્વપ્ન અને કાર્યથી સભર બનેલું છે, જેનું વાર્ધકય મૌનના સંગીતથી મગ્ન બનેલું છે તે આ દેહને છોડવાનો દિવસ આવે તો કેવી રીતે છોડે? યોગમાં દેહને છોડે.

મરતી વખતે સીલ અને વીલ એ બે વાતો દૂર રહેવી જોઈએ. પેલો છોકરો આવીને કહે કે બાપાજી વીલ કરવાનું બાકી છે, અહીં સાહી કરો. પેલો કહે કે સીલ મારો. એ બેમાંથી બચવાનું છે. પહેલેથી જ યોગ્ય વ્યવસ્થા કરી નાખવી.

યોગની સમાધિમાં દેહ છોડે. પણ યોગ એટલે શું છે? જેમાં આપણું તન, મન અને ચૈતન્ય એ ત્રણે એક ભૂમિકામાં આવીને વસે તે યોગ. હા, તનનો સ્વભાવ છે એટલે એ બિમાર પણ પડે. એવું નથી કે યોગી પુરુષોને તનની શાંતિ જ હોય. કદાચ અશાંતિ પણ હોય, પણ અશાંતિમાં પણ શાંતિનો અનુભવ કરે તે યોગીની વિશિષ્ટ શકિત છે.

યોગીરાજ આનંદઘનજીનો એક જીવનપ્રસંગ યાદ આવે છે. તેઓ માંદા છે, ખૂબ તાવ આવેલો છે. એમનો એક ભકત એમને વંદન કરવા જાય છે. આનંદઘનજી તો ગાઈ રહ્યા છે, સંગીતમાં મસ્ત છે. ભકત પગ દાબે છે, શરીર ગરમ ગરમ છે. ભકતે કહ્યું : ગુરુદેવ ! આપના શરીરમાં તો જ્વર છે."

આનંદઘનજીએ કહ્યું : "જ્વર તો આ શરીરને છે. આત્મા તો સ્વસ્થ છે !" "અબ હમ અમર ભયે ન મરેંગે" એ ગીત ત્યારે જ પ્રગટ્યું. દેહ વિનાશી છે અને હું તો અવિનાશી છું.

છેલ્લી અવસ્થાની આ ભૂમિકા છે.

જિંદગીનો મર્મ કોઈએ કવિ Wordsworth ને પૂછ્યો ત્યારે એમણે હસીને કહ્યું : "કોણ કેમ મરી ગયો એ તમે મને કહો એટલે હું તમને કહું કે એ કેમ જીવી ગયો." જીવનનું સરવૈયું એ તો મૃત્યુ છે. માણસ કેટલી કૂદાકૂદ કરે છે એ મોટી વાત નથી, એની છેલ્લી ઘડી કેવી જાય છે એ મોટી વાત છે.

આ યોગની આનંદમય ભૂમિકા સહુને મળે અને મૃત્યુ માટે વિદાય લેતાં કહે : "હું જાઉં છું. આપણે જીવ્યા, સાથે રહ્યા, હવે રડશો નહિ, આંસુ પાડશો નહિ, કાળાં કપડાં પહેરશો નહિ, કારણકે હું તો મુસાફિર છું. નિમ્ન ભૂમિકામાંથી ઊર્ધ્વમાં જાઉં છું."

યોગની આવી ભૂમિકામાં વિદાય લેવી, છૂટા પડવું અને સંસારને આવ્યાનો એક સંદેશો આપીને જવું એ સમગ્ર જીવનનો હેતુ છે, ઉદ્દેશ છે.

આર્યાવર્તનું ધન એટલું બધું સમૃદ્ધ છે કે એનો આપણે વિચાર કરીએ તો આપણું મસ્તિષ્ક આદર અને ભાવથી નમી જાય છે. આપણો વારસો કેવો મોટો છે ! એ વારસાનો આવી કોઈ પળોમાં શાંતિથી બેસીને વિચાર કરીએ કે એ વારસાના વારસદારોએ કેટલો જાળવ્યો છે !

આપણું ધન–સંસ્કાર ધન–આપણને મળશે તો આપણે સમૃદ્ધ બનીશું. જીવનની સમૃદ્ધિ આ જ છે.

પ્રારંભમાં જ મેં આપને કહ્યું કે જીવનને પૈસાથી, મકાનથી નથી માપવાનું. જીવનને માપવા માટે હૃદય ભાવોથી કેટલું સમૃદ્ધ છે, મન અને મસ્તિષ્ક વિચારોથી કેટલાં સભર છે અને બુદ્ધિ પવિત્રતાથી કેટલી શુદ્ધ છે એ વિચારીએ. આ વિચારણા માટે આજનો આ મંગળમય દિવસ આપણા સહુને માટે એક યાદગાર બની રહે એ શુભેચ્છા. ❋

## * ભગવાન બુદ્ધ *

ભગવાન બુદ્ધ જ્યારે સાધક અવસ્થામાં હતા, ત્યારે બહુ ઉગ્ર તપ કરતા. તેઓ દિવસોના દિવસો સુધી ઊંઘ અને આહારનો ત્યાગ કરી ધ્યાનસ્થ દશામાં બેસી રહેતા. આથી એમનું શરીર કૃષ થઇ ગયું, ગાત્રો શિથિલ થઈ ગયાં અને દેહકાંતિ વિલય પામી.

એક દિવસ નાચગાનના જલસામાં ભાગ લઈને કેટલીક ગાનારીઓ ઘર તરફ જતી એમના જોવામાં આવી. રસ્તામાં તેઓ નાચતી, બજાવતી ને આનંદ કરતી હતી. તેમાં એક ગાનારી જે ગીત ગાતી હતી તે ગૌતમે (બુદ્ધે) સાંભળ્યું. તેનો અર્થ એ થતો હતો કે, 'સિતારના તાર ઢીલા હોય તો તેમાંથી મધુર સ્વર ન નીકળે. વળી જો એ તારને જોરથી ખેંચવામાં આવે તો તે તૂટી જાય અને સિતાર નકામી થઇ પડે."

આ ઉપરથી ગૌતમે બોધ લીધો કે, સાધકે સંયમમાં રહી ઊંઘ, આહાર વગેરે વ્યવહાર કરવો જોઇએ. માનવદેહ એ પ્રભુપ્રાપ્તિના માર્ગમાં એક સાધનરૂપ છે. ઘોર તપ કરી દેહને કષ્ટ આપવારૂપ સાધન કરવાથી સિદ્ધિઓ પ્રાપ્ત થતી હોય તો ભલે પણ એથી કાંઇ પરમપદની પ્રાપ્તિ થતી નથી."

– રામદાસ

# બિંદુમાં સિંધુ

વર્ષા ઋતુ હતી. હરિયાળી વનરાજિથી વસુંધરા હસી રહી હતી. આકાશમાં વાદળો પર વાદળનો મંડપ જામ્યો હતો. આથમતા સૂર્યનાં કનકવર્ણાં કોમળ કિરણોએ આકાશમાં રંગોળી પૂરી હતી. લાલ પીળા આછા જાંબલી વર્ણના મિશ્રણથી નીલવર્ણા ગગનમાં રંગનો બજાર જામ્યો હતો. એમાં સપ્તવર્ણું મેઘધનુષ્ય ખેંચાયું. આ ઇન્દ્રધનુની આસપાસ સોનેરી વાદળોને વીંધીને આવતાં કિરણો રાસલીલા રમવા લાગ્યાં.

મહાત્મા આનંદઘનજીના ભક્તનું હૈયું પણ આ નયનમનોહર દૃશ્યથી નર્તન કરવા લાગ્યું. અર્ધોન્મીલિતદૃષ્ટિથી ધ્યાનમાં લીન બનેલા આનંદઘનજી પાસે એ દોડી આવ્યો.

'ગુરુદેવ! બહાર આવો. આવું જોવાનું ફરી નહિ મળે. ગગનમાં નિસર્ગની શું રંગલીલા જામી છે! આહ... ... અલૌકિક!'

મહાત્મા આનંદઘનજીના ઓષ્ઠ પર સ્મિત રમી રહ્યું – જાણે મત્ત ફૂલની મધુર સુવાસ પ્રસરી. વેલ પર શ્વેત ફૂલ આવે એમ એમના હોઠ પર શબ્દો આવ્યા:

'વત્સ! તું અંદર આવ. જેના માત્ર એક જ કિરણમાં વિશ્વની સમસ્ત લીલા અને શોભા સમાઇ જાય એવાં અનંતકિરણોથી શોભતા આત્માની આત્મલીલા અહીં જામી છે. તું અંદર આવ, આવો અવસર ફરી નહિ આવે. આવ, તું અંદર આવ.'

❋

જાણીતા દાનેશ્વરી શ્રી ભોગીલાલ ભભૂતલાલ મહેતાના અકાળ અવસાનથી સમાજ અને સંસ્થાએ એક સેવાભાવી અને ઉદાર ગૃહસ્થ ગુમાવ્યા છે જેની સખેદ નોંધ લઈએ છીએ. શાસનદેવ એમને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

# ❋ દૃષ્ટિ તેવી સૃષ્ટિ ❋

**માણસની** જેવી દૃષ્ટિ હોય છે, તેને તેવી જ સૃષ્ટિ દેખાય છે. માણસ કાળાં ચશ્માં પહેરે તો એને આખું જગત કાળું દેખાય, ઉજજવળ ચંદ્ર પણ શ્યામ દેખાય! વિશ્વને એના સ્વરૂપને જોવા માટે પણ નિર્મળ દૃષ્ટિ જોઇએ.

હસ્તિનાપુરની રાજસભામાંથી દુર્ગુણીને શોધી કાઢવાનું કહ્યું, ત્યારે ધર્મરાજાને કોઈ દુર્ગુણી ન દેખાયો; કારણ કે પ્રત્યેક માનવીમાં એણે કંઈક ને કંઇક વિશિષ્ટ ગુણો જોયા, અને સૌ સદ્‌ગુણી જ લાગ્યા.

જ્યારે આ વાત દુર્યોધનને કહેવામાં આવી. ત્યારે એની નજરમાં કોઈ સદ્‌ગુણી જ ન આવ્યો; કારણ કે એણે ગુણવાન આત્મામાં પણ કંઈક ને કંઇક દુર્ગુણ શોધી કાઢ્યો, અને એને આખી સભા દુર્ગુણીઓથી ઉભરાયેલી દેખાઈ!

❋ ❋ ❋

## ભ૦ વર્ધમાનનાં વચનો

वोच्छिन्द सिणेहमप्पाणो
कुमुयं सारइयं व पाणियं
से सव्वसिणेहवज्जिए
समयं गोयम। मा पमायए॥

શરદ ઋતુનું કુમુદ જેમ કીચડને ત્યજી પાણીની ઉપર આવે છે, તેમ તારા મન પર ચોંટેલા મોહને છોડીને તું અધ્ધર આવ. હે ગૌતમ! એક પળનો પ્રમાદ મા કર!

❋

# ● સમાચાર સાર ●

❋ આપણા જાણીતા કાર્યકર શ્રી. કે. કે. મોદી તો પુનર્વસવાટનું કાર્ય કોયનામાં પોતાના સ્વાસ્થ્યની પણ પરવા કર્યા વિના કરીજ રહ્યા છે. તેમાં ધરતીકંપથી બનેલી સંકટગ્રસ્ત કોયનાની પ્રજાની પરિસ્થિતિનું અવલોકન કરવા અને તેમને કાંઇક અંશે સહાયરૂપ બનવા ભાંડુપમાં આવેલી શ્રી ધનજી કાનજી પીપરમેન્ટવાલા બાળમંદિર પ્રાથમિક અને માધ્યમિકશાળાના પ્રિન્સીપાલ બહેન શ્રી જયાબહેન એચ. વોરા અને વાઈસ પ્રિન્સીપાલ શ્રી મંજુલાબહેન ડી. દેસાઈ પૂ. ગુરુદેવની પ્રેરણાથી ગામડાઓમાં જાતે ફરીને દસ શાળાનાં વિદ્યાર્થીઓ અને ગ્રામ્યવાસીઓ આદિ ૨૫૦૦ની સંખ્યાને અનાજ, બિસ્કીટ, કપડાં વગેરેની વહેંચણી કરી હતી. જયાં આભ ફાટ્યું ત્યાં થીંગડું ક્યાં દેવાય? પણ માનવની ભાવના તેને કોઈ સત્કાર્યથી રોકી શકતી નથી. આ બે બહેનોએ કરેલું સુંદરકાર્ય બીજાને જરૂર પ્રેરણારૂપ બનશે.

❋ તા. ૨૨-૨-'૬૮ ફેબ્રુઆરી મહિનામાં અઠવાડિયા માટે Inter National Yoga Felloship Movement તરફથી એક સેમિનાર યોજવામાં આવેલી જેનું ઉદ્દઘાટન નાયબ વડા પ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઈનાં વરદ હસ્તે તા. ૧૮-૨-૬૮ થયું હતું.

આ યોગ સેમિનારના સંસ્થાપક સ્વામીજીની વિનંતી સ્વીકારી પૂ. ગુરુદેવે તા. ૨૨-૨-૬૮ સાંજે ૬ વાગે આઝાદ મેદાનના વિશાળ મંડપમાં યોગ ઉપર એક સુંદર પ્રવચન આપ્યું હતું. યોગ એ શારીરિક કસરત નથી પણ ચિત્તની વ્યાકુળ વૃત્તિઓને સંયમી કરી મન, વચન અને કાયામાં સંવાદ લાવતી મનની પ્રક્રિયા છે. પૂ. ગુરુદેવે આ પ્રસંગે હિન્દીમાં આપેલ પ્રવચનની નોંધ પછીથી આપવામાં આવશે, પરંતુ તેઓશ્રીએ અંગ્રેજીમાં આપેલ પ્રવચનની નોંધ આ છે.

Yoga is a Science, a way of Living. Yoga aims at perfection. What is the meaning of the word "Yoga"?

Yoga is awareness, total awareness. Awareness of what? Awareness of doing, thinking, speaking, observing what is right.

When you do everything rightly, your mental attitude becomes sensitive. Then it rejects bad things and accepts good things.

"Yoga" is a Sanskrit word. It is derived from the sanskrit root "Yuja" yuja means 'to join'. Join what? Join when? Join where? why to Join?

To join means to bring near. Soul, Mind and Body are to be brought near one another. There should be 'Unity of Trinity!

Unfortunately we do not find 'Unity of Trinity' when you speak, your mouth speaks but you think of something else. Similarly when you eat your mouth eats but your mind wanders elsewhere.

To bring about this Unity is the purpose of yoga. Our Seers have dedicated their lives to this purpose.

When Unity of Trinity is achieved you will see what is unseen, hear what is unheard and know what is unknown. This is the result of Unity. To bring about this Unity we must practise yoga.

Meditation, Concentration, Devotion are means but not the end. Yoga is not the goal in life. We have to reach our goal through these means.

At times people forget the goal and then we fight in the name of yoga and spiritual ways. Let there be no conflict. When there is Unity, life is beautiful, life is full of rapture.

Our Divine Light is surrounded with the cover of passions like greed, anger, jealousy, malice. All these passions come in the way of our progress and obscure the Divine Light. We must remove this cover to see the Divine Light.

Through Devotion you forget your ego and become humble. Through Meditation you bring your self nearer to the Divine Light.

Our mind has two aspects. On lhe surface of the mind there is turmoil and tumult. At the core there is calmness, silence and tranquility.

Unfortunately we move along the surface and do not plumb the profound depths. If we touch the core through concentration, we will give up our luxurious life & live in simplicity.

When you touch the core you will be full of rapture. This state of Eternal Bliss cannot be comprehended. But if one is asked to, at best one may compare it with the morning flower which is fresh, beautiful and fragrant. We should make our life Like the morning flower.

To achieve this pupose, to attain perfection you have gathered at this Seminar.

May this Yoga Seminar provide you with Peace, Progress & Perfection.

❋

## "દિવ્ય દીપ"ની માલિકી અને તેને અંગેની અન્ય માહિતી

### (ફોર્મ IV (નિયમ ૮ મુજબ)


૧. પ્રકાશનનું સ્થળ : લેન્ટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, કોટ, મુંબઇ ૧.

૨. પ્રકાશનની સામયિકતા : માસિક

૩. પ્રકાશક અને સંપાદકનું નામ : ચંદુલાલ ટી. શાહ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : લેન્ટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ ૧.

૪. મુદ્રકનું સરનામું : લિપિની પ્રિન્ટરી, ૩૮૦, ગિરગામ રોડ, મુંબઈ ૨.
રાષ્ટ્રીયતા : ભારતીય

૫. મુદ્રણનું સ્થળ : ૩૮૦, ગીરગામ રોડ, મુંબઇ ૨.

૬. માલિકનું નામ : ડીવાઈન નૉલેજ સોસાયટી
સરનામું : ૧૩૭, નેતાજી સુભાષ રોડ, મુંબઇ ૧.

હું ચંદુલાલ ટી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો, મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન ખરી છે.

સહી

તા. ૨૦–૩–૬૮

ચંદુલાલ ટી. શાહ
પ્રકાશક.

*Not he that adorns but he that adores*
*makes a divinity*

Baltasar Gracian

**Kamani Eng. Corpn. Ltd.**

**Kamani Metals & Alloys Ltd.**

**Kamani Metallic & Oxides Pr. Ltd.**

**Kamani Tubes Pr. Ltd.**

**Jaipur Metals & Elecls. Ltd.**

Kamani Chambers, Nicol Road,
Ballard Estate, Bombay-1.

# ★ ચારિત્ર્ય અને ઈચ્છાશકિત ★

મનુષ્ય પોતે જે સ્થિતિમાં હાલ હોય તે સ્થિતિમાં જીવન ગાળવાનું જ્યારે એને ગમતું નથી, અને એને એક જ બલવાન – સૂતો હોય તેમાંથી એકદમ ઉઠાડી મૂકે એવી વેગવાળી-ઇચ્છા સ્ફુરે છે, કે મારે વધારે સારા થવું છે-હું છું તેના કરતાં મારે અધિક ઉત્તમ બનવું છે–ત્યારે એ ઇચ્છાને સિદ્ધ કરવા માંડતાં તેને ચારિત્ર્યની જરૂર પડે છે–અને ત્યારે જ – પોતાનો જીવન-પલટો કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે જ–ચારિત્ર્ય એ શી વસ્તુ છે, ચારિત્ર્ય શા માટે જરૂરનું છે, તે તેને સમજાય છે. જેમણે પોતાના જીવનમાં કોઈ ચોક્કસ ધારેલી વસ્તુ સિદ્ધ કરવી જ છે, તેમને ચારિત્ર્યની અગત્ય પડે છે, અને તેવા મનુષ્યો જ ચારિત્ર્યનું માહાત્મ્ય અને ચારિત્ર્યનું મૂલ્ય સમજે છે. તાત્પર્ય કે જેમની નજર ઉત્તમ વસ્તુની સિદ્ધિ તરફ આગ્રહસહિત વળી નથી તેમને ચારિત્ર્યની જરૂર નથી. જેમને ચારિત્ર્ય તરફ મોહ અને આગ્રહ નથી તેમને જીવનમાં કશું જ ઉચ્ચ સિદ્ધ કરવું નથી એમ સમજી લેવું. ચારિત્ર્ય એ લાકડાં ચીરવાનું કામ નથી, પણ લાકડાંમાંથી એક ઉત્તમ પ્રકારની મૂર્તિ ઉપજાવવા જેવું કામ છે. અણઘડ કારીગર તે કરી શકતો નથી. જેણે પોતાના જીવનને લાકડાના ફાડચા જેવું બનાવવું છે, તે ભલે ચારિત્ર્ય તરફ નજર પણ ન કરે; પરંતુ જેમણે પોતાનું જીવન એક અત્યંત સુંદર મનોહારી મૂર્તિ જેવું બનાવવું છે-- જેમાં જોનારને પ્રભુત્વ જણાઈ આવે એવું બનાવવું છે–તેમણે ચારિત્ર્ય તરફ દુર્લક્ષ કર્યું નહિ પાલવે. ચારિત્ર્ય એ એક જ વસ્તુ એવી છે જે જીવનને અત્યંત અદ્ભુત અપૂર્વ જેવું ઇચ્છયું હોય તેના કરતાં પણ ઉત્તમ બનાવે છે. જે કેવલ શરીરનો-દેખાવ પૂરતો–મનુષ્ય નથી, પણ મનનો મનુષ્ય છે, તેને વધારે ઉચ્ચ સ્થિતિએ ચઢ્યા વિના આજે છે તેના કરતાં આવતી કાલે વધારે ઉત્તમ થયા વિના ચેન પડતું નથી. તે પોતાના શરીરથી, મનથી તથા આત્માથી વધારે તેજસ્વી બનવા ઇચ્છયા જ કરે છે, અને એ તેજસ્વિતા તે ચારિત્ર્ય વડે જ લાવી શકે છે. ચારિત્ર્ય તે વસ્તુ છે, જે મનુષ્યજીવનના તમામ કચરાને ટાળી તેને સ્વચ્છ અને તેજસ્વી કરે છે. મનુષ્યમાં રહેલી અત્યંત મહત્તાવાળી શક્તિઓ આ ચારિત્ર્ય જ જગાવી શકે છે. ચારિત્ર્યવાન મનુષ્ય પોતાના શરીર અને મન ઉપર સત્તા ચલાવી તેમાંથી વધારેમાં વધારે લાભ પ્રાપ્ત કરે છે. જેમને ઉત્તમ બનવાની ઇચ્છા છે, તેમણે ચારિત્ર્યની સિદ્ધિ કરવી જોઇશે. ચારિત્ર્યની શક્તિ એ એકડા પાછળનાં મીંડાં છે; તે જીવનના મૂલ્યને વધાર્યા જ કરે છે. ચારિત્ર્ય મેળવવા માટે મનુષ્યે પોતાની દરેક શકિતને કસવી પડે છે, અને તેથી મનુષ્યની દરેક શકિત વિકાસ પામે છે. મનુષ્ય જ્યારે પોતાની શકિતઓનો શુદ્ધમાં શુદ્ધ ઉપયોગ કરે છે ત્યારે જ તેનામાં ચારિત્ર્ય પ્રકટે છે. અને ચારિત્ર્ય પ્રકટે છે ત્યારે દેવત્વ અને ઈશ્વરત્વ પણ તેનામાં આવે છે, તો પછી બીજી સિદ્ધિ મળવામાં તો સવાલ જ શો? સર્વ વસ્તુ તેને સિદ્ધ છે, જેને ચારિત્ર્ય સિદ્ધ છે. આપણે માટીનું પૂતળું ન હોઇએ તો અવશ્ય ચારિત્ર્ય મેળવીએ.

–શ્રી ઉપેન્દ્રાચાર્યજી

❋

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.